सत्यमेव जयते

દાખલ તારીખ	:– ૦૩ – ૦૮ – ૨૦૧૬
નોંધણી તારીખ	:– ૦૩ – ૦૮ – ૨૦૧૬
ફેંસલ તારીખ	:– ૧૧ – ૦૩ – ૨૦૨૪
સમયગાળો	:– વર્ષ – માસ – દિવસ
	૦૭ – ૦૭ – ૦૮

મે. ગાંધીધામનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નરશ્રી (એમ.એસ.સોલંકી), લેબર કોર્ટ, ગાંધીધામ, જી. કચ્છ.

વ. કો. (ફેટલ) અરજી નં.૨૬/૨૦૧૬
આંક–

મર્હુમ અસ્ફાકખાન વલીઉદ્દીનખાનનાં વારસો/આશ્રિતો ::–

(૧) વલીઉદ્દીનખાન નિજારૂદ્દીન ખાં, (પિતા) ઉ.વ.૬૯, ધંધો–નિવૃત.
(૨) રૂમૈલાબીબી વલીઉદ્દીનખાન, (માતા) ઉ.વ.૬૫, ધંધો–ઘરકામ.
બંને મુળ રહે.–પ્રતાપપુરા, ગઢવા,
તા.જી.ગઢવા (ઝારખંડ),
હાલ રહે.કાર્ગો ઝુંપડા,
મું.તા.ગાંધીધામ, જી.કચ્છ. ..... **અરજદારો**

વિરૂધ્ધ

(૧) ઓ.પી.જી.એસ. પાવર ગુજરાત પ્રાઈવેટ લીમીટેડ,
ઠે. મું.ભદ્રેશ્વર, તાલુકો–મુન્દ્રા (કચ્છ)

(૨) શ્રી ઈન્ડસ્ટ્રીઝ, મેનેજીંગ પાર્ટનર સીમહાદ્રી શ્રીનિવાસ,
ઠે. શ્રી ઈન્ડસ્ટ્રીઝ ગ્રાઉન્ડ ફલોર,
સવેરા એપાર્ટમેન્ટ, પ્રકાશનગર,
રાજામંડી, આંધ્રપ્રદેશ–૫૩૩૧૦૪.

(૩) ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાું. લી.,
મું.તા.ગાંધીધામ, જી.કચ્છ. ..... **સામાવાળાઓ**

બાબત :– કામદાર વળતર અધિનિયમ,૧૯૨૩ હેઠળ

<u>વળતર મેળવવા બાબત...</u>

અરજદારો તર્ફે વિ.વ.શ્રી વી.એમ.દવે.
સામાવાળા નં.૧ તથા નં.૨ તર્ફે હાજર નથી.
સામાવાળા નં.૩ તર્ફે વિ.વ. શ્રી બી.કે.વ્યાસ.

-:: <u>ઠ રા વ</u> ::-

(૧) હાલનાં કામનાં અરજદારોએ ગુજરનારનાં વારસદારો તરીકે કર્મચારી વળતર અધિનિયમ હેઠળ હાલની અરજી પોતાના મર્હુમ પુત્રનું સામાવાળાની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતનાં પરીણામે થયેલ મૃત્યુ બદલ વળતરની રકમ રૂા.૧૦,૬૪,૦૦૦/- (અંકે રૂપીયા દશ લાખ ચોસઠ હજાર પુરા) અને તે રકમ ઉપર થતી ૫૦% પેનલ્ટીની રકમ સહીત અકસ્માતની તારીખથી ૧૨% વ્યાજનાં દરે ખર્ચ સહીત વસુલ મેળવવા દાદ માંગેલ છે.

(૨) અરજદારોની અરજીની ટુંકમાં હકીકત એ છે કે, અરજદારોનાં પુત્ર સામાવાળા નં.૧ ની કંપનીમાં સામાવાળા નં.૨ પાસે શ્રી ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા હતા અને એ રીતે સામાવાળા નં .૧ અને નં.૨ ગુજરનાર મર્હુમ અસ્ફાકખાન વલીઉદ્દીનખાનને નોકરીએ રાખનાર કાયદેસરનાં માલીક હતા. આ કામનાં ગુજરનાર મર્હુમ અસ્ફાકખાન વલીઉદ્દીનખાન સામાવાળા નં.૨ પાસે નોકરી કરતા હતા અને સામાવાળા નં.૨ નું કામ સામાવાળા નં.૧ નાં પ્લાન્ટ મધ્યે ચાલતું હતું. ગુજરનાર મર્હુમ અસ્ફાકખાન વલીઉદ્દીનખાન તા.૩૧/૦૧/૨૦૧૫ નાં રોજ સામાવાળા નં .૧ ની કંપનીમાં કુલીંગ ટાવર ઉપર કામ કરતા હતા ત્યારે સાંજના આશરે ૦૪:૧૫ વાગ્યાનાં સમયે ટી.જી બીલ્ડીંગનાં નીચેના ભાગે કુલીંગ ટાવરનાં એ.સી.નાં બોટમ ડેકટ નીચે આવી જવાથી ગુજરનારને ગંભીર ઈજાઓ થયેલ અને સ્થળ ઉપર મોત નિપજેલ. વધુમાં અરજદારનાં પુત્રનું અકાળે અવસાન થવાથી અરજદારોએ કાયમનાં માટે છત્રછાયા ગુમાવેલ છે. અરજદારો ગુજરનારની આવક ઉપર નિર્ભર હતા. અકસ્માત સમયે ગુજરનાર ઉંમર ૨૦ વર્ષની વયનાં સશકત શરીર ધરાવતા હતા અને સામાવાળા નં.૧ ની કંપનીમાં સામાવાળા નં.૨ ની નોકરી દરમ્યાન મહીને રૂા. ૯,૫૦૦/- પગાર મેળવતા હતા. તેથી કામદાર વળતર અધિનિયમ મુજબ ગણતરી કરતા અરજદારો રૂા.૧૦,૬૪,૦૦૦/- વળતર મેળવવા હકકદાર છે. વુધમાં ગુજરનારનાં મૃત્યુ અંગે સામાવાળા નં.૨ નાંએ સામાવાળા નં.૩ પાસે તા.૦૫/૦૩/૨૦૧૫ નાં

રોજ કલેઈમ ફોર્મ રજુ કરેલ છે. જે કલેઈમ ફોર્મ સામાવાળા નં.૩ નાંએ રીસીવ કરેલ છે. આમ, સામાવાળા નં.૧ થી નં.૩ નાંને બનાવની તમામ હકીકતની જાણ (નોલેજ) છે. જેથી સામાવાળાઓને નોટીસ કરેલ નથી. આ કામનાં સામાવાળા નં.૧ તથા નં.૨ ગુજરનારને નોકરીએ રાખનાર માલીક/કંપની છે અને સામાવાળા નં.૩ વીમો ઉતારનાર વીમા કંપની છે. જેથી અરજદારો સામાવાળા નં.૧ થી ૩ વાળા ઓ પાસેથી સંયુકત અથવા પૃથ્થક રીતે વળતર મેળવવા હકકદાર થાય છે. આ કામના સામાવાળાઓએ આજ દિન સુધી નામદાર કોર્ટમાં કામદાર વળતર અધિનિયમ હેઠળ કોઈપણ જાતની રકમ જમા કરાવેલ નથી. જેથી અરજદારો ૫૦% નાં દરે પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર થાય છે. નવા સુધારા મુજબ અરજદારોની આ વળતર અરજી સમયમર્યાદામાં છે સમયનો કોઈ બાધ નડતો નથી. અરજદારો હાલ ગાંધીધામ કચ્છ મધ્યે નામદાર કોર્ટની હકુકત વિસ્તારમાં રહેતા હોઈ, આ અરજી દાખલ કરી, ચલાવી અને નિકાલ લાવવા નામદાર કોર્ટને સંપુર્ણ હકુમત છે. આથી આ કામના અરજદારોને વળતરની રકમ રૂા.૧૦,૬૪,૦૦૦/– અને તે રકમ ઉપર થતી ૫૦% પેનલ્ટીની રકમ અકસ્માતની તારીખથી ૧૨% વ્યાજનાં દરે ખર્ચ સહીત સહીત આ કામનાં સામાવાળાઓ ચુકવી આપે તે મુજબની દાદ માંગેલ છે.

(૩) ત્યારબાદ હાલનાં કામે સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટીસ સામાવાળાઓને બજી ગયેલ હોવા અંગેની પોષ્ટલ એકનોલેજમેન્ટ આંક–૦૭ થી આંક–૦૯ થી રેકર્ડમાં રજુ છે. પરંતુ હાલનાં કામે સામાવાળા નં.૧ થી નં.૩ હાજર રહી જવાબ રજુ ન કરતાં, અરજદારની આંક –૧૨ ની અરજી અન્વયે હુકમ કરી, સામાવાળા નં.૧ થી નં.૩ નો હાલનાં કામે જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ હાલના કામે સામાવાળા નં.૩ તર્ફે વિ.વ.શ્રી બી.કે.વ્યાસનાંઓનું વકીલાતપત્ર અને દાવા જવાબ રજુ કરવા પરવાનગી માંગતી અરજી રજુ થયેલ છે. જે અરજી અત્રેની અદાલત દ્રારા મંજુર કરવામાં આવતા સામાવાળા નં.૩ તર્ફે આંક–૨૩ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજીની હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી, વધુમાં જણાવેલ છે કે, હાલનાં કામનાં સામાવાળાઓએ ગુજરનારનું નામ, ગુજરનાર પગાર અને ભથ્થા અંગેની વિગત, એપોઈન્ટમેન્ટ લેટર, મસ્ટર રજીસ્ટર, સેલરી રજીસ્ટર રજુ કરેલ નથી. તેથી વિરૂઘ્ધનું અનુમાન કરવું જોઈએ. ગુજરનાર અને સામાવાળા નં.૧ તથા નં.૨ વચ્ચે કામદાર–માલીકનો સંબંધ

પુરવાર થતો નથી. તેથી વીમા કંપનીની કોઈ જવાબદારી થતી નથી. અરજદારોએ કામદાર વળતર ધારા અધિનિયમની જોગવાઈ મુજબ સમયમર્યાદામાં સેકશન–૧૦ હેઠળ નોટીસ આપેલ નથી. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૨૦ વર્ષની હોવાનું, ગુજરનાર સામાવાળા નં.૧ તથા નં .૨ નાં કામદાર હોવાનું અને સામાવાળા નં.૧ તથા નં.૨ ગુજરનારને માસીક પગાર રૂા.૯,૫૦૦/– ચુકવતા હોવાની હકીકત અરજદારોએ સબળ પુરાવાથી પુરવાર કરેલ નથી. વધુમાં અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરીને સામાવાળા નં.૨ વાળા હાલના અરજદારોને પેનલ્ટી કે વ્યાજની રકમ ચુકવવા જવાબદાર થતા ન હોઈ, અરજદારની અરજી ખર્ચ સહીત રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪) ત્યારબાદ હાલનાં કામે અરજદારો તર્ફે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>મૌખીક પુરાવા</u> :–**

૧. આંક–૧૯ થી અરજદાર નં.૧ વલીઉદ્દીનખાન નીજારૂદ્દીન ખાંનું પુરાવાનું સોગંદનામું.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

અનુ. નં.	**વિગત**	**આંક/ માર્ક**
1	અરજદાર નં.૧ નાં ઓળખપત્રની ઝેરોક્ષ નકલ.	૩/૧
2.	ગુજરનારનાં એમ.એલ.સી. નં.૩૭/૧૫ મુન્દ્રાની ઝેરોક્ષ નકલ	૩/૫
3.	હોસ્પીટલની ગુજરનારનાં સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ.	૩/૬
4.	ગુજરનારનાં હાજરી પત્રકની ઝેરોક્ષ નકલ.	૩/૭
5.	વીમા કંપનીમાં કલેઈમ અરજી કરેલ તેની ઝેરોક્ષ નકલ.	૩/૮
7.	અકસ્માત બનાવ અન્વયે જાણવાજોગ અરજની ખરી નકલ.	૨૮
8.	અકસ્માત બનાવ અન્વયસ્થાનીક પંચનામાની ખરીનકલ.	૨૯
9.	ગુજરનારનાં શરીરનાં ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ.	૩૦
10.	ગુજરનારનાં પી.એમ.રીપોર્ટની ખરી નકલ.	૩૧
11.	સાહેદોનાં નિવેદનની ખરી નકલ.	૩૨/૩૩
12.	ગુજરનારનાં આઈ.ડી.કાર્ડની ઝેરોક્ષ નકલ.	૨૦/૬
13.	ગુજરનારનાં આધારકાર્ડની ઝેરોક્ષ નકલ.	૨૦/૭

14.	વીમા પોલીસીની ખરી નકલ.	૩૪

(ત્યારબાદ અરજદાર તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૨૫ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ અરજદારનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

(૫) ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં.૨ તર્ફે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

અનુ. નં.	**વિગત**	**આંક/ માર્ક**
1.	વીમા પોલીસીની સર્ટીફાઈડ કોપીની સ્કેનર કોપી.	૨૬
2.	કર્મચારી વળતર વીમા પોલીસીની સર્ટીફાઈડ કોપી.	૩૬

(ત્યારબાદ સામાવાળા નં.૨ તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૩૭ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ સામાવાળા નં.૨ નો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

(હાલના કામે સામાવાળા નં.૧ તર્ફે હાજર રહી પુરાવો રજુ ન થતા અત્રેની અદાલત દ્વારા આંક –૦૧ લગત હુકમ કરીને સામાવાળા નં.૧ નાઓનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

(૬) ત્યારબાદ હાલનાં કામે અરજદારો તર્ફે વિ.વ.શ્રી. વી.એમ.દવેનાંઓની મૌખીક દલીલ સાંભળવામાં આવેલ છે તેઓ તેમની દલીલીમાં જણાવેલ છે કે, હાલનાં અરજદારો ગુજરનારનાં કાયદેસરનાં આશ્રિતો અને વારસો છે. હાલનાં ગુજરનારને સામાવાળા નં.૧ અને નં.૨ ની ફરજ સમય દરમ્યાન થયેલ અકસ્માતનાં કારણે ગંભીર ઈજાઓ થતાં મૃત્યુ પામેલ છે. આથી સદર વળતર અરજી મંજુર કરી, વળતર, વ્યાજ તથા પેનલ્ટીની રકમ અપાવવા વિનંતી કરેલ છે.

(૭) ત્યારબાદ સામાવાળા નં.૩ તર્ફે વિ.વ.શ્રી બી.કે.વ્યાસનાઓની મૌખીક દલીલ સાંભળવામાં આવેલ છે તેઓ તેમની દલીલીમાં જણાવેલ છે કે, હાલનાં અરજદારોએ અકસ્માત અંગેની હકીકતો પુરાવાથી પુરવાર કરેલ ન હોય, હાલનાં અરજદારોને વળતર, પેનલ્ટી તથા

વ્યાજ ચુકવવા આ કામના સામાવાળા નં.૩ જવાબદાર થતા ન હોઈ, અરજદારની અરજી રદ્દ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે અમારા પુરોગામી કમિશ્નરશ્રીએ આંક–૧૬ થી નીચે મુજબનાં મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

–:: <u>મુદ્દાઓ</u> ::–

૧. શું હાલના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો અને વારસો છે ?

૨. શું ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું સાબિત થાય છે ?

૩. શું ગુજરનારને સામાવાળાની નોકરી અને ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલો ? જો હા તો અકસ્માતમાં થયેલ ઈજાઓનાં કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે ?

૪. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર શું હતી ? અને માસીક પગાર કેટલો મળતો હતો ?

૫. શું સામાવાળાઓ વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે કે કેમ ? જો હા તો કેટલી રકમ ?

૬. સામાવાળા વીમા કંપનીની શું જવાબદારી છે ?

૭. શું સામાવાળાઓએ અરજદારને વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે ? જો હા તો શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે ?

૮. શું આખરી હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૨૩ વર્ષ અને માસીક પગાર રૂા.૮૦૦૦/–.

૫. સામાવાળા નં.૧ તથા નં.૨ વળતરની રકમ રૂા. ૮,૭૯,૮૦૦/– ચુકવવા જવાબદાર થાય છે.

૬. નકારમાં.

૭. સામાવાળા નં.૧ તથા નં. ૨ વળતરની રકમ રૂા.૮,૭૯,૮૦૦/– ઉપર અકસ્માત

તારીખથી ૧૨ % વ્યાજ તથા વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટીની રકમ ચુકવવા જવાબદાર થાય છે.

૮. આખરી હુકમ મુજબ.

–:: <u>કા ર ણો</u> ::–

(૧૦) <u>મુદ્દા નં.૧</u> ::–

(૧૦.૧) સદર કામે અરજદાર તથા સામાવાળા તર્ફે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલાં પ્રથમ વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯૨૩ નાં પ્રકરણ–૨ માં કરવામાં આવેલ જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો તે કેટલાક ચોકકસ વર્ગનાં માલીકો તેમના કામદારોને સંસ્થામાં કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાનાં કારણે આવતી કાયમી આં શીક કે પુરેપુરી અશકતતા કે ઈજાનાં કારણે થતાં અકસ્માત મૃત્યુનાં કિસ્સામાં શ્રમયોગી કે તેનાં આશ્રિતોને વળતર ચુકવી આપે તે સુનિશ્ચિત કરવાનાં હેતુથી રચાવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર ઉપર સૌપ્રથમ એ હકકીત સાબીત કરવાની જવાબદારી રહેલ છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલીકનો સંબંધ છે. વધુમાં અરજદારનું અવસાન પોતાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે. વધુમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯૨૩ માં કયાંય અકસ્માત શબ્દની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેમજ કામદાર રાજય વીમા અધિનિયમમાં પણ તેની વ્યાખ્યા નથી. પરંતુ અકસ્માત " " નો ડિકશનરી અર્થ એ થાય કે "કાંઈ પણ જાણ થયા વિના અણધાર્યો બનાવ."

(૧૦.૨) આ કામનાં અરજદારાઓએ પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે, અરજદારો ગુજરનારનાં આશ્રિતો તથા વારસો છે કેમ તે અંગે અરજદારો તર્ફે રજુ અરજીમાં હાલના અરજદારો ગુજરનાર પિતા–માતા હોવાનું જણાવેલ છે. હાલનાં કામે તેઓના કથનનાં સમર્થનમાં અરજદાર નં.૧ તર્ફે આંક–૧૯ થી સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે. સદર જુબાનીમાં સોગંદનામામાં સદર હકીકતો જણાવી તેને વળગી રહેલ છે. સદર હકીકતે તેઓની સામાવાળા નં .૧ તથા નં.૨ તર્ફે રજુ કરેલ જવાબમાં અરજદારો ગુજરનારનાં વારસો હોવા અંગેનો ઈન્કાર કરેલ છે. પરંતુ તે અંગે કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી કે સામાવાળાઓનાં વિ.વ.શ્રી દ્રારા અરજદાર નં.૧ કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારો ગુજરનારનાં વારસો તથા આશ્રિતો હોવા વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, સામાવાળા નં.૧ તથા નં.૨

તર્ફે અરજદારો ગુજરનારનાં વારસદારો અને આશ્રિતો હોવા અંગેનો કોઈ વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી. તેથી અરજદારો ગુજરનારના કાયદેસરનાં વારસદારો તથા આશ્રિત હોવાનું ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં સદર હકીકત બાબતે કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ ની કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે –

➢ કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં આશ્રિત એટલે મૃત્યુ પામેલા કામદારનાં કોઈ સગાં પૈકી–

(૧) વિધવા, સગીર ઔરસ અથવા દત્તક લીધેલ પુત્ર અને અપરિણીત ઔરસ અથવા દત્તક લીધેલ પુત્રી અથવા વિધવા માતા અને

(૨) કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરો આશ્રિત હોય તો અઢાર વર્ષની વયનો પણ અશકત પુત્ર અથવા પુત્રી,

વધુમાં વિવરણમાં જણાવેલ છે કે, <u>પેટા–કલમ(૧) આ ખંડ (ડી) નાં પેટા–ખંડ(૨)</u> :– આ પેટા ખંડ (૨) માં બે મુખ્ય બાબતો છે. **(૧)** દાવેદાર સંપૂર્ણપણે તેના મૃત્યુ વખતે તેના ઉપર આશ્રિત હોવા જોઈએ, **(૨)** તે અશકત હોવા જોઈએ, **(૩)** કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરા અથવા અશંત: આશ્રિત હોય તો, **(એ)** વિધુર, **(બી)** માતા કે પિતા, **(સી)** સગીર અનૌરસ પુત્ર, અપરિણીત અનૌરસ પુત્રી અથવા પરણેલી અને સગીર અથવા વિધવા અને સગીર ઔરસ અથવા અનૌરસ અથવા દત્તક લીધેલ પુત્રી, **(ડી)** સગીર ભાઈ અથવા અપરિણીત કે વિધવા બહેન, **(ઈ)** વિધવા પુત્રવધુ, **(એફ)** મૃત્યુ પામેલ પુત્રનું સગીર બાળક, **(જી)** પહેલાં મૃત્યુ પામેલી પુત્રીનું સગીર સંતાન, તેના માતા–પિતા હયાત ન હોય તો અથવા **(એચ)** કામદારનાં માતા–પિતા હયાત ન હોય, તો પિતામહ અથવા પિતામહી.

આમ, સદર વ્યાખ્યા મુજબ ઉપરોકત અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ, હાલનાં કામે અરજદારો અનુક્રમે ગુજરનારનાં પિતા તથા માતા થાય છે. તેમજ અકસ્માત સમયે અરજદારનાંઓ ગુજરનારની કમાણી ઉપર આશ્રિત હતા. જેથી તેઓને ગુજરનારનાં વારસ તથા આશ્રિતો તરીકે હાલના કામે સ્વીકારવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે હાલનાં કામનાં અરજદારો ગુજરનાર સ્વ. પ્રવિણકુમાર શ્રીરામ ઢાંઢીનાં વારસો તથા આશ્રિતો હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૧૧) <u>મુદ્દા નં.ર તથા નં.૩</u> ::– મુદ્દા નં.ર તથા નં.૩ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.ર તથા નં.૩ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

(૧૧.૧) આ કામનાં અરજદારે પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે, "ગુજરનાર સામાવાળા નં.૧ ની કંપનીમાં સામાવાળા નં.ર પાસે શ્રી ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા હતા અને હાલનાં ગુજરનારને નોકરીએ રાખનાર કાયદેસરનાં માલીક હતા. ગુજરનાર મર્હુમ અસ્ફાકખાન વલીઉદ્દીનખાન સામાવાળા નં.ર પાસે નોકરી કરતા હતા. વધુમાં સામાવાળા નં.ર નું કામ સામાવાળા નં.૧ નાં પ્લાન્ટ મધ્યે ચાલતુ હતું. વધુમાં તા.૩૧/૦૧/ર૦૧પ નાં રોજ ગુજરનાર સામાવાળા નં.૧ ની કંપનીમાં કુલીંગ ટાવર ઉપર કામ કરતા હતા ત્યારે સાંજનાં આશરે ૦૪:૧પ વાગ્યાનાં સમયે ટી.જી બીલ્ડીંગનાં નીચેના ભાગે કુલીંગ ટાવરનાં એ.સી.સી. નાં બોટમ ડેકટ નીચે આવી જવાથી ગુજરનારને ગંભીર ઈજાઓ થયેલ અને સ્થળ ઉપર મોત નિપજેલ છે." સદર હકીકત અન્વયે હાલનાં કામે સામાવાળા નં.૧ તથા નં.ર તર્ફે હાજર રહી, કોઈ પણ પ્રકારનો બચાવ રજુ કરેલ નથી. જયારે સામાવાળા નં.૩ તર્ફે હાજર રહી, આંક–ર૩ થી જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજીની આ હકીકતોનો ઈન્કાર કરેલ છે. પરંતુ સામાવાળા નં.૩ તર્ફે અરજદારોની અરજીની આ હકીકતને ખંડન કરતો વિરૂધ્ધનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદારો તર્ફે સદર હકીકત અન્વયે અરજદાર નં.૧ તર્ફે અરજીનાં સમર્થનમાં આંક–૧૯ થી પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે લગત અરજદારની સામાવાળાઓનાં વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર હકીકત વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં તેઓ નિષ્ફળ રહેલ છે.

(૧૧.ર) વધુમાં અરજદારો તર્ફે અરજીના સમર્થનમાં આ કામે આંક–ર૮ થી જાણવાજોગની ખરી નકલ, આંક–ર૯ થી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ, આંક–૩૦ થી ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ, આંક–૩૧ થી ગુજરનારના પી.એમ. રીપોર્ટની નકલ તથા આંક–૩ર તથા આંક–૩૩ થી સાહેદોના નિવેદનની ખરી નકલ રજુ કરેલ છે. સદર દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં હાલનાં કામે અકસ્માત અંગે ગુજરનારનાં ભાઈ મુસ્તફાખાન વલીઉદ્દીનખાન નાંઓએ જાહેર કરેલ છે. વધુમાં સાહેદોના નિવેદન વંચાણે લેતાં અરજદારની અરજી તથા પુરાવાનાં સોગંદનામાની હકીકતોને સમર્થન મળે છે. વધુમાં અરજદાર તર્ફે ગુજરનારનાં પી.એમ. નોટની

નકલ રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં ગુજરનારનું અકસ્માતનાં કારણે ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આમ, ગુજરનારનું મૃત્યુ સામાવાળા નં.૧ તથા નં. ૨ ની ફરજ બજાવતા દરમ્યાન થયેલ છે. હાલના કામે અરજદાર તર્ફે આંક–૩૪ થી તથા સામવાાળા નં.૩ તર્ફે આંક–૩૬ થી વીમા પોલીસીની ખરી નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં સદર પોલીસીમાં વીમો ઉતારવાનાર માલીક તરીકે શ્રી ઈન્ડસ્ટ્રીઝ મેનેજીંગ એટલે કે, આ કામનાં સામાવાળા નં.૨ નું નામ છે. આથી ગુજરનાર સામાવાળા નં.૧ તથા નં.૨ નાં કામદાર હોવાનું અને તેઓ ગુજરનારને કામે રાખનાર માલીક હોવાનું પુરવાર થાય છે અને તેથી આ કાયદાની કલમ–૨ (એન) મુજબ ગુજરનાર સામાવાળા નં.૧ નાં કામદાર હતા અને સામાવાળા નં.૧ આ કાયદાની કલમ–૨(૧)(ઈ) મુજબ માલીક હોવાનાં ઠરાવવામાં આવે છે. આમ, હાલનાં કામે ગુજરનાર સામાવાળા નં.૧ તથા નં.૨ નાંઓનાં કામદાર હતા અને સામાવાળા નં.૧ નાંઓને ત્યાં સામાવાળા નં.૨ ની સૂચના મુજબ મજુર તરીકે ફરજ બજાવતા દરમ્યાન અકસ્માતના કારણે ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ થયેલ હોવાનું પુરવાર થાય છે. જેથી ઉપરોકત ચર્ચાનાં અંતે મુદ્દા નં.૨ તથા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૨) <u>મુદ્દા નં.૪</u> ::–

(૧૨.૧) અકસ્માત સમયે ગુજરનારની ઉંમર પુરવાર કરવા બાબતે હાલના અરજદારો તર્ફે હાલનાં કામે પુરાવો રજુ કરેલ નથી. પરંતુ અરજદારો તર્ફે તેઓની વળતર અરજીમાં અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૨૦ વર્ષ હોવાનું જણાવેલ છે. પરંતુ સદર હકીકત પુરવાર કરવા સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદાર તર્ફે આંક–૨૮ થી જાણવાજોગની ખરી નકલ તથા આંક–૩૧ થી ગુજરનારનાં પી.એમ. રીપોર્ટની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે. સદર પુરાવા વંચાણે લેતાં તેમાં ગુજરનારની ઉંમર ૨૩ વર્ષની દર્શાવેલ છે. વધુમાં સામાવાળા નં.૧, નં .૨ તથા નં.૩ નાંઓ તર્ફે અરજદારની ઉંમર બાબતે વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ સંજોગોમાં અરજદાર તર્ફે રજુ થયેલ સદર પોલીસ પેપર્સ તેમજ મેડીકલ પેપર્સ વંચાણે લઈ, અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૨૩ વર્ષની હોવાનું ઠરાવવામાં આવે છે.

(૧૨.૨) વધુમાં અરજદારે પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે ''આ કામના ગુજરનાર સામાવાળા નં.૧ ની કંપનીમાં સામાવાળા નં.૨ ની નોકરી દરમ્યાન મહીને રૂા.૯,૫૦૦/– મેળવતા હતા. વધુમાં સદર હકીકત અન્વયે સામાવાળા નં.૧ તથા નં.૨

તર્ફે હાજર રહી કોઈ પણ પ્રકાનો બચાવ રજુ કરેલ નથી. સદર બાબતે સામાવાળા નં.૩ નાં ઓએ અરજદારની સદર હકીકતનો ઈન્કાર કરેલ છે. પરંતુ સામાવાળા નં.૩ તર્ફે અરજદારોની અરજીની આ હકીકતને ખંડન કરતો વિરૂધ્ધનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદારો તર્ફે સદર હકીકત અન્વયે અરજદાર નં.૧ તર્ફે અરજીનાં સમર્થનમાં આંક–૧૯ થી પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે લગત અરજદારની સામાવાળાઓનાં વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર હકીકત વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં તેઓ નિષ્ફળ રહેલ છે. આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૩૧/૦૫/૨૦૧૦ નું નોટીફીકેશન વંચાણે લેતાં ઉપરોકત સંજોગોમાં કલમ–૪ સ્પષ્ટીકરણ–૨ માં વધુમાં વધુ રૂા.૮,૦૦૦/– પગાર ગણવો કે તેથી ઓછો. વધુમાં હાલનાં કેસમાં અકસ્માતનો બનાવ તા.૩૧/૦૧/૨૦૧૫ નાં રોજ બનેલ છે. આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું સદર નોટીફીકેશન વંચાણે લેતાં અકસ્માત સમયે ગુજરનારનો માસીક પગાર રૂા.૮,૦૦૦/– હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદા નં.૪ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

(૧૩) <u>મુદ્દા નં.૫ થી નં.૬</u> ::– મુદ્દા નં.૫ થી નં.૬ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૫ થી નં.૬ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

(૧૩.૧) હાલનાં કામે મુદ્દા નં.૫ થી નં.૬ અંગે જોતાં જયારે નોકર–માલીકનાં સંબંધો સામાવાળા નં.૧ તથા નં.૨ સાથે પુરવાર થયેલ હોય તથા અકસ્માત ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે કામ કરતા થયેલ હોય તથા તેમાં ગુજરનારનુ અવસાન થયેલ હોય ત્યારે સામાવાળાઓ પાસેથી કર્મચારી વળતર ધારાની જોગવાઈઓ મુજબ અરજદારો વળતર મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. હાલના કામે સામાવાળા નં.૩ વીમા કંપની તર્ફે આંક–૩૬ થી વીમા પોલીસીની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં તેમાં ઈન્સ્યોર્ડ તરીકે શ્રી ઈન્ડસ્ટ્રીઝ એટલે કે આ કામનાં સામાવાળા નં.૨ નું નામ છે. સદર પોલીસી પીરીયડ તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૩૦/૦૬/૨૦૧૪ નાં રોજનો દર્શાવેલ છે. હાલનાં કામે અકસ્માત બનાવનાં કારણે ગુજરનારનું મૃત્યુ તા.૩૧/૦૧/૨૦૧૫ નાંરોજ થયેલ છે. સદર હકીકતને ઘ્યાને લેતાં પોલીસી પીરીયડમાં અકસ્માત બનાવમાં કવર થતી નથી. પરંતુ માત્ર આ કારણોસર અરજદારોને તેઓનાં હકકથી વંચીત રાખી શકાય નહીં. વધુમાં પોલીસી પીરીયડ પુરો થાય તો તે

રીન્યુ કરાવવાની જવાબદારી સામાવાળાઓની થાય છે. આથી પોલીસીની સમાપ્તિ પછી અકસ્માત થયેલ હોય અને વીમા પોલીસી કવર થતી ન હોઈ, વીમા કંપનીની વળતર ચુકવવાની જવાબદારી થતી નથી. વધુમાં હાલના કામે સામાવાળા નં.૧ તથા નં.ર તર્ફે હાજર રહી કોઈ પણ પ્રકારનો બચાવ રજુ કરેલ નથી અને હાલના કામે રજુ થયેલ વીમા પોલીસીનો પીરીયડ પુરો થયા બાદ પોલીસી રીન્યુ કરાવેલ હોય તે મુજબની અન્ય કોઈ પોલીસી રજુ કરેલ નથી. આથી હાલનાં કામે રજુ થયેલ વીમા પોલીસીનો પીરીયડ અકસ્માત બનાવમાં કવર થતો ન હોઈ, હાલનાં કામે સામાવાળા નં.૩ વીમા કંપની વળતર કે વ્યાજ ચુકવવા જવાબદાર નહીં થતા હોવાનું ઠરાવવામાં આવે છે અને તેઓને હાલનાં કામે સદર જવાબદારીમાંથી મુકત (Exonerate) કરવામાં આવે છે. વધુમાં હાલનાં કામે સામાવાળા નં.૧ તથા નં.ર માલીકો અરજદારને વળતરની રકમ ચુકવવા જવાબદાર થતા હોવાનું ઠરાવવામાં આવે છે.

(૧૩.૨) વધુમાં અકસ્માતનાં સમયે આ કાયદાની જોગવાઈ જોતાં અરજદારની ઉંમર ૨૩ વર્ષ અને માસીક આવક રૂા.૮,૦૦૦/- ઠરાવવામાં આવેલ છે. કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ ની કલમ-૪ મુજબ વળતરની ગણતરી જોઈએ તો,અકસ્માતમાં થયેલ મૃત્યુના કિસ્સામાં માસીક આવકના ૫૦% એટલે કે, રૂા.૪,૦૦૦/-, રીલેવન્ટ ફેકટર અનુસુચિ-૪, કલમ-૪, ૨૩ વર્ષની ઉંમર સંબંધિત અવયવ ૨૧૯.૯૫ સાથે ગુણત્તા રૂા. ૮,૭૯,૮૦૦/- (અંકે રૂપીયા આઠ લાખ ઓગણએંશી હજાર આઠ સૌ પુરા) અરજદારોને મળવાપાત્ર થાય છે. જેથી હાલના અરજદારો અકસ્માત વળતરની રકમ રૂા.૮,૭૯,૮૦૦/- (અંકે રૂપીયા આઠ લાખ ઓગણએંશી હજાર આઠ સૌ પુરા) બનાવની તારીખથી ૧૨% વ્યાજ સહીત મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૧૩.3) ઉપરોકત મુદ્દાની ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર નોકરીનાં સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા અવસાન થયેલ હોવા અંગેની હકીકત પુરવાર થયેલ હોય, અરજદાર ગુજરનારનાં આશ્રિત હોય ત્યારે તેઓ વળતર મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે. સામાવાળા નં.૧ તથા નં.ર દ્રારા ગુજરનારનાં આશ્રિતોને વળતરની રકમ ચુકવવામાં તેઓ બેદરકાર રહેલ હોવાનું પુરવાર થાય છે. જેથી કેસનું રેકર્ડ જોતાં અકસ્માત બનાવ વીમા પોલીસીનાં પીરીયડમાં કવર થતાો ન હોય, હાલનાં કામે વળતર, વ્યાજ અને પેનલ્ટીની રકમ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતાં સામાવાળા નં.૩ વીમા કંપની જવાબદાર

નહીં થતી હોવાનું ઠરાવવામાં આવેલ છે અને તેઓને હાલનાં કામે સદર જવાબદારીમાંથી મુકત (Exonerate) કરવામાં આવેલ છે. જેથી વળતરની રકમ જમા કરાવવા કાયદાનાં પ્રસ્થાપિત સીધ્ધાંત ધ્યાને લેતાં સામાવાળા નં.૧ તથા નં.ર માલીકનાંઓએ વળતર જમા કરાવવી જોઈએ જે જમા કરાવેલ ન હોય, પેનલ્ટી ચુકવવા સામાવાળા નં.૧ તથા નં.ર નાંઓ જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૧૩.૪) વધુમાં વ્યાજ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓમાં ૧૨% સુધીના વ્યાજની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં તથા હાલનાં તબકકે ***નામદાર સુપ્રિમ કોર્ટે પી. મીનારાજ વિ. પી. અદિગરૂસ્વામી અને બીજાનાં, ૨૦૨૨ એ.સી.જે. પેજ નં.૧૦૦૧, ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લી. વિ. સી.બી. જયોર્જ નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૩) જી.એલ.એચ. ૩૪૪, શોભા વિ. ચેરમેન, વિઠૃલરાવ શિન્દે સહકારી સાખર કારખાના લીમીટેડ એ.આઈ.આર. ૨૦૨૨ એસ.સી. પેજ નં.૧૪૧૦ નાં ચુકાદાઓમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઓરીયન્ટલ ઈન્સ્યુરન્સ કું. લી. વિ. ગુલાબભાઈ બાબુભાઈનાં વારસોના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે,*** વ્યાજની જવાબદારી કમીશ્નર એવોર્ડ કરે તે તારીખથી નહીં પણ અકસ્માત થયા તારીખથી થાય તેમ ઠરાવવામાં આવેલ છે.

વધુમાં ***નામદાર સુપ્રિમ કોર્ટે ટી. સી. સેલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કું. લી. અને બીજાંઓ ૨૦૧૪ એ.સી.જે. પાના નં.૪૮૦ નાં ચુકાદામાં, સીવીલ અપીલ નં. ૬૬૧૪/૨૦૨૧ અને સીવીલ અપીલ નં.૧૮૬૦/૨૦૨૨ નાં ચુકાદામાં અકસ્માત ઈજા તારીખથી ૧૨% વ્યાજનો હુકમ કરેલ છે. તેમજ ૨૦૦૯(૩) સી.એલ.આર. પાના નં.૭૪૧ નામદાર કલકત્તા હાઈકોર્ટનો સરબેશ્વર ભીમલાઈ બાપી ભીમલાઈ વિ. અરધેન્દુકુમાર રોય અને બીજાંનાં ઓનાં*** ચુકાદાઓમાં પ્રસ્થાપીત સીધ્ધાંતોને ધ્યાને લેતાં સ્પષ્ટપણે ૧૨% સુધીનું સાદું વ્યાજ ચુકવવા અંગેનો હુકમ કરવાની જોગવાઈ છે. વધુમાં હાલનાં કામે વળતર, વ્યાજ અને પેનલ્ટીની રકમ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતાં સામાવાળા નં.ર વીમા કંપની જવાબદાર નહીં થતી હોવાનું ઠરાવવામાં આવેલ છે અને તેઓને હાલનાં કામે સદર જવાબદારીમાં થી મુકત (Exonerate) કરવામાં આવે છે. જેથીજે ધ્યાને લેતાં હાલનાં કામે અકસ્માત તારીખથી ૧૨% નાં લેખે સાદા વ્યાજની વળતર ઉપરાંતની રકમ ચુકવવા સામાવાળા નં.૧ તથા નં.ર નાંઓ જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૧૩.૫) વધુમાં પેનલ્ટી અને વ્યાજ કેટલું હોવું જોઈએ તે અંગે જોતાં કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ ૫૦% સુધીની રકમ પેનલ્ટીની થઈ શકે. હાલનાં કામે સામાવાળા સંસ્થા તર્ફે કોઈ જ રકમ જમા કરાવેલ ન હોય, બેદરકાર રહેલાનું પુરવાર થતું હોય તથા પેનલ્ટી શા માટે ઘટાડવી જોઈએ તે અંગે કોઈ રજુઆત કરતા ન હોય, તે સંજોગોમાં આ કામે કેસનું રેકર્ડ જોતાં આ કામે સામાવાળા નં.૧ તથા નં.૨ નાંઓ માલીક પેનલ્ટી પેટે ૫૦% પેનલ્ટીની રકમ અરજદારોને ચુકવે તો તે વ્યાજબી અને ન્યાયી હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે. જેથી હાલના કામમાં અકસ્માત વળતરની રકમ રૂા.૮,૭૯,૮૦૦/- (અંકે રૂપીયા આઠ લાખ ઓગણએંશી હજાર આઠ સૌ પુરા) નાં ૫૦% પેનલ્ટીની રકમ રૂા.૪,૩૯,૯૦૦/- (અંકે રૂપીયા ચાર લાખ ઓગણચાલીસ હજાર નવ સૌ પુરા) સામાવાળા નં.૧ તથા નં.૨ નાંઓ અરજદારોને ચુકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૦૫ થી નં.૦૭ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

(૧૪) ઉપરોકત મુદ્દા નં.૧ થી નં.૭ માં ચર્ચા કર્યા અનુસાર ગુજરનારનાં આશ્રિતો અરજદારો સામાવાળા નં.૧ ને ત્યાં કામ કરતા હોવાનું અને ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે અકસ્માતમાં ઈજા થતા અવસાન થયેલાનું, ગુજરનારનાં આશ્રિતો વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી રકમ ચુકવે નહી ત્યાં સુધીનું વાર્ષિક ૧૨% નાં સાદા વ્યાજ સાથેની રકમ તથા વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટીની રકમ સામાવાળા નં.૧ પાસેથી મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે તમામ હકીકતો ધ્યાને લેતાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૦૮ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

-:: <u>આખરી હુકમ</u> ::-

(૧) આથી અરજદારોની હાલની વળતર અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) હાલનાં કામે સામવાળા નં.૧ તથા નં.૨ નાંઓએ ગુજરનારનાં આશ્રિતો અરજદારોને વળતરની રકમ રૂા.૮,૭૯,૮૦૦/- (અંકે રૂપીયા આઠ લાખ ઓગણએંશી હજાર આઠ સૌ પુરા) ચુકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) હાલનાં કામનાં સામવાળા નં.૧ તથા નં.૨ નાંઓએ ગુજરનારનાં આશ્રિતો અરજદારોને વળતરની રકમ રૂા.૮,૭૯,૮૦૦/- (અંકે રૂપીયા આઠ લાખ

ઓગણએંશી હજાર આઠ સૌ પુરા) ઉપર અકસ્માત તારીખથી રકમ ચુકવે નહી ત્યાં સુધીનું વાર્ષિક ૧૨% નાં સાદા વ્યાજ સાથેની રકમ તથા ૫૦% પેનલ્ટીની રકમ રૂા.૪,૩૯,૯૦૦/– (અંકે રૂપીયા ચાર લાખ ઓગણચાલીસ હજાર નવ સૌ પુરા) ચુકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૪) સામવાળા નં.૧ તથા નં.૨ નાંઓએ હાલનાં અરજદારોને હાલની વળતર અરજીનાં ખર્ચ પેટેની રકમ રૂા.૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) અરજદારોને ચુકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૫) હાલનાં કામનાં સામાવાળાનાંઓએ આ હુકમ મળ્યેથી દિન–૩૦ માં હુકમનો અમલ કરવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી માહે માર્ચ સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૧૧/૦૩/૨૦૨૪
સ્થળ :– ગાંધીધામ.

(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)
કમિશ્નરશ્રી, વ. કો. એક્ટ, લેબર કોર્ટ,
(જે.ડી.) ગાંધીધામ, જી. કચ્છ.

સ્ટેનો: ટી.એન.વોરા.

JUDGE CODE : GJ01300